ANUBHAVS



# મૃત્યુના દરવાજામાંથી ઉગાર્યા!

© Copyright 2010, Manasamarthyadata.com



*- સંગીતા લોકેગાંવકર*

13 માર્ચ 2008, ગુરુવારના દિવસે સદ્ગુરુ પરમ પૂજ્ય બાપુજીએ એમના અકારણ કારુણ્યના પ્રવાહથી અમારા પરિવારજનોનાં મન ભરી દીધા હતાં. મનમાં વિચાર આવ્યો કે અમે બાપુજી માટે શું કરીએ છીએ... સેવા ? ભક્તિ ? જે થોડુ ઘણુ કરીએ છીએ એ પણ બાપુજી જ કરાવે છે. સમય આવતા બાપુજી જ કાળ અને એમના બાળકની વચ્ચે આવીને ઉભા રહે છે. ભક્ત પર આવેલા સંકટમાંથી બચાવવાના હેતુથી જ !

28 ફેબ્રુઆરી, 6 માર્ચ અને 13 માર્ચ 2008 ગુરુવારે બાંદ્રા પ્રવચન સ્થળે શિવપંચાક્ષરી સ્તોત્રનું પઠણ હતુ અને બિલીપત્ર અર્પણ કરાવવાના હતાં. 28 ફેબ્રુઆરીએ મેં આનો મન ભરીને આનંદ લુંટયો હતો. મન પ્રસન્ન થઈ ગયુ હતું. 6 માર્ચે અમે ઘરે રેતીનું શિવલિંગ બનાવીને પુંજન કર્યું હતું. 13 માર્ચે મારી વહુને પણ એ જ આનંદ મળે તેથી મેં એને પ્રવચન સ્થળે જવાનું કહ્યું. હું મારા ચાર પૌત્રો સાથે ઘરે જ હતી. સાંજે સાત વાગ્યા સુધી ભણાવીને બહાર રમવા માટે મોકલ્યાં, રસોઇ બનાવતા પહેલાં ઘર વ્યવસ્થિત કરીને મેં ભગવાનનો દીવો - ધૂપ કરીને પંચપુરુષાર્થ ઉપાસના કરી.

બાળકો રમીને ઘરે આવ્યા ત્યારે સ્નાન કરીને એમને શુભંકરોતી પ્રાર્થના કરવા માટે બેસાડયાં. બાળકો કહ્યું કે આજે જમવામાં અલગ બનાવજો. મે કહ્યું કે મીઠા - મરચાવાળા મસાલા પરોઠા બનાવું છું. પરંતુ અથાણુ ખલાસ થઈ ગયુ હતું, તેથી બાર વર્ષના મારા પૌત્ર પ્રણવને મેં ઘરની નીચેની દુકાનેથી અથાણુ લેવા માટે મોકલ્યો. પ્રણવને મનમાં શું થયું કે એ નીચેની દુકાને જવાને બદલે સાઇકલ લઈને સોમવાર બજારમાં કરિયાણાની દુકાને ગયો, કે જ્યાંથી અમે હંમેશા પાપડ, અથાણુ લાવીએ છીએ. ત્યાંથી બહાર નીકળતા એ જમણી બાજુ વળ્યો કે તરત જ એક માલ ભરેલી ટ્રક એની સામે આવી. પ્રણવ ગભરાઇ ગયો, શું થશે? એ કંઇ વિચારે એ પહેલા જ ટ્રકના આગળના પૈડાની નીચે સાઇકલ આવી ગઈ હતી. પ્રણવ પણ નીચે પડી ગયો હતો. લોકોએ બુમો પાડી અને ટ્રક ઉભી રહી ગઈ. બધા ત્યાં જોવા માટે ઉભા રહી ગયા હોવાથી ભીડ જમા થઈ ગઈ હતી. પરંતુ



ગણતરીની ક્ષણમાં જ કોઇકે પ્રણવને ટ્રક નીચેથી ખેંચીને બહાર કાઢી લીધો. પ્રણવ 12 વર્ષનો છતા એનું વજન 60 કિલો છે, તેથી સરળતાથી એને ખેંચવો શક્ય નહોતો. ટ્રકના પાછળના પૈડા તો પ્રણવનું મૃત્યું લઈને ઉભા જ હતાં. એક વ્યક્તિ દ્વારા આટલી સરળતાથી પ્રણવને ખેંચવો અશક્ય હતું. પ્રણવને પણ એ વ્યક્તિ ધ્યાનમાં આવી નહીં. એ એટલો બધો ગભરાયેલો હતો કે એક સદગૃહસ્થે ત્યાં પાસે રહેતી પ્રણવની ફોઇના ઘરે એને મુકી આવ્યાં.

પ્રણવને જોઈને મારી દીકરી - પ્રણવની ફોઇ ગભરાઇ ગઈ. મુકવા આવેલા સદગૃહસ્થે કહ્યું કે તમે તમારા કુળદેવતાની પ્રાર્થના કરો, આ છોકરો મોતના મુખમાંથી બહાર આવ્યો છે. મારી દીકરીએ ઉદી લગાવી. પાણી આપ્યું અને જોવા લાગી કે એને વાગેલુ છે કે નહીં. એને ક્યાંય વાગેલું નહોતું. પગમાં માત્ર થોડુ દુખતુ હતું. જ્યારે એણે નીચે જઈને સાઈકલ જોઈ તો એ દંગ જ રહી ગઈ. સાઈકલના પૈડા વાંકા થઈ ગયા હતા અને તાર તુટી ગયા હતાં.

પ્રણવ હજી સુધી પાછો આવ્યો નહોતો એટલે હું ચિંતા કરતી હતી. એટલામાં મારી દીકરીએ ફોન કરીને કહ્યું કે એ પ્રણવને લઈને આવે છે. એનો ફોન આવ્યા પછી 10 મિનીટ પછી પણ એ આવી નહોતી તેથી મેં મારી બીજી દીકરીને ફોન કર્યો. એ સમયે એણે સ્નાન કરવા માટે ગીઝર ચાલુ કર્યુ હતું. એણે નંદાને - એની બહેનને ફોન કર્યો ત્યારે ખબર પડી કે પ્રણવનો અકસ્માત થયો છે. આ સાંભળીને એને આઘાત લાગ્યો. આ વાત એના પતિ સાથે કરવામાં ગીઝર ચાલુ છે એ વાત એ ભુલી ગઈ. પરમ પૂજ્ય બાપુજીની વાત કરતા સમયે અચાનક એને યાદ આવ્યું અને તે દોડતી બાથરુમમાં ગઇ, એ સમયે ગીઝરના નળમાંથી વરાળ નીકળતી હતી. ગીઝરમાં ધડાકો થતાં - થતાં રહી ગયો.

આટલો મોટો અકસ્માત થયો છતાં પણ પ્રણવને ક્યાંય વાગ્યુ નહોતુ. સાઈકલના સ્થાને પ્રણવ હોત તો? એ વિચારી પણ શકાતુ નહોતું. નંદા પ્રણવને લઈને ઘરે આવી. પ્રણવને જોઈને હું ધડધડ રડવા લાગી અને એને ગળે લગાવ્યો અને પરમ પુજ્ય બાપુજીનો કોટિ કોટિ આભાર માન્યો.

બે દિવસ પછી હું એ કરિયાણાની દુકાને ગઈ અને એ અકસ્માત વિષે વાત કરી અને મે કહ્યું કે એ મારો પૌત્ર હતો. એ કરિયાણાના દુકાનદારે જે રીતે અકસ્માતનું વર્ણન કર્યુ એ રીતે પ્રણવ

સહીસલામત બચી ગયો એ વાતનો વિશ્વાસ થતો નહોતો. પરંતુ એણે ટ્રકની નીચેથી બહાર કોણે કાઢ્યો? એ કોઇએ પણ જોયું નહોતું.પરંતુ પ્રણવને બચાવનાર વ્યક્તિ એક જ હોય શકે છે; એનો પૂર્ણ  વિશ્વાસ મને છે, અને એ છે સાક્ષાત શિવશંકર બાપુ ! ગીઝરને  ઘડાકામાંથી બચાવનાર પણ એ જ હતાં. !  અમારા પરિવારની સુરક્ષા માટે દોડનાર મારા તારણહાર સ્મર્તૃગામી  બાપુ ! અનિરુધ્ધ આપનો હું કેટલો ઋણી છું !!!

ANUBHAVS

# HARI OM

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com